GJAM010010772026

દાખલ તારીખ :– ૨૫/૦૬/૨૦૨૬
નોંધ્યા તારીખ :– ૨૫/૦૬/૨૦૨૬
ફેંસલ તારીખ :– ૦૨/૦૭/૨૦૨૬
સમય :– વર્ષ, માસ, દિવસ
**૦૦ ૦૦ ૦૭**

**અમરેલી જીલ્લાના સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં, મુકામ – અમરેલી.**

**ફો.પ.અ.નં.૩૭૭/૨૦૨૬**
**આંક –**

**અરજદાર :– વલકુભાઇ ચાપરાજભાઇ આલાણી (વાળા),**
ઉ.વ.૫૩, ધંધો – ખેતીકામ,
રહે.સીતારામનગર, શ્રીનિવાસ, નાના માચીયાળા,
તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

**સામાવાળા :– શ્રી સરકાર**
(નોટીસ થ્રુ સરકારી વકીલશ્રી, અમરેલી.)

અરજદાર તરફે વિ.વ.શ્રી : એફ.વાય.મુસાની
સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી : એમ.આર.ત્રિવેદી

**અરજ :– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત કરવા બાબત**

**–: ઠ રા વ :–**

**૧.** આ કામના અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટે **અમરેલી રૂરલ પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૬૦૨૨૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૦૯(૧), ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૧૭(૨), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૨૪(૪), ૫૫, ૨૯૬(બી), ૩૫૧(૩), ૨૮૧ તથા એમ. વી. એકટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુન્હાના કામે હાલની અરજી કરેલ છે.

**૨.** આ કામે અરજદાર/આરોપી વિરૂધ્ધની ફરીયાદપક્ષની ટુંક વિગતોને ધ્યાને લેતાં, આ કામના ફરીયાદીના કાકાના દિકરા ગામમાંથી માટી ભરી પોતાના વાડી ખેતરોમાં નાખતા હોય તે ફરીયાદીના ગામના આરોપી નં.૧ વનરાજભાઇ ઓઘડભાઇ વાળા, આરોપી નં.ર મહેશભાઇ ઉર્ફે મુન્નાભાઇ જગુભાઇ આલાણી (વાળા), આરોપી નં.૩ વિજયભાઇ ઘોહાભાઇ ડાંગર તથા આરોપી નં.૪ રાજુભાઇ પ્રતાપભાઇ વરણીયાનાઓને ગમતુ ન હોય જેથી આરોપીએ તેઓને ખારાના રસ્તે ટ્રેકટર ચલાવવાની ના પાડેલ હોય જેથી ફરીયાદીએ તેઓને આવુ નહી કરવા સમજાવતા આ કામના આરોપીઓને સારુ નહી લાગતા તમામ આરોપીઓએ ફરીયાદીને તથા ફરીયાદીના પરીવારના માણસોને ગાળો આપી, ફરીયાદી તથા સાહેદોના વાહનો ઉપર લોખંડના પાઇપ વડે જાનથી મારી નાંખવાના ઈરાદે હુમલો કરી તથા ફરીયાદીના પ્લોટમાં કરેલ ફેન્સીંગના સીમેન્ટના થાંભલાઓ ટ્રેકટર વડે પાડી દઈ આર્થિક નુકસાન કરેલ તથા આરોપી નં.૭ જયરાજભાઇ ભાણભાઇ વાળાનાઓએ પોતાના હવાલાવાળુ ટ્રેકટર લઇ આવી પુરઝડપે તથા જોખમાઇ રીતે ચલાવી ફરીયાદી તથા સાહેદોને મારી નાંખવાના ઈરાદે સાહેદો ઉપર ટ્રેકટર ચડાવી દઈ સાહેદ વનરાજભાઈ કોહીવાળ તથા સાહેદ હરદેવભાઇને ટ્રેકટર નીચે કચળી નાંખી શરીરે મરણતોલ ઈજાઓ પહોંચાડેલ તેમજ આ કામના આરોપીઓ ધ્વારા તેમનો સમાન ઈરાદો પાર પાડવા ગે.કા. મંડળી બનાવી ફરીયાદી તથા સાહેદો ઉપર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ગુન્હો આચરેલ હોવાના આક્ષેપો છે.

**3.** સામાવાળાને નોટીસ કરતાં બજી જતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.આર.ત્રિવેદી હાજર થયેલ છે અને હાલની અરજીનો પ્રતિકાર કરવા માટે તપાસ કરનાર અધિકારીશ્રીનુ સોગંદનામું આંક–૯ થી રજુ કરેલ છે.

District & Sessions Court * Amreli *
सत्यमेव जयते

૪. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એફ.વાય.મુસાનીની રજુઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે. ફરીયાદ મુજબનો કોઇ ગુન્હો અરજદારે કરેલ નથી. અરજદારને આ કામે ખોટી રીતે ફસાવવામાં આવેલ છે. સદર કહેવાતી ફરીયાદ અનુસાર અરજદારની ખોટી રીતે ધરપકડ કરવામાં આવે તેવી તેઓને વ્યાજબી દહેશત છે. ફરીયાદ હકીકત તરફ નજર કરવામાં આવે તો અરજદાર ધ્વારા કોઇ વ્યકિતને ઈજા પહોંચાડવામાં આવેલ નથી. વધુમાં સદર કામે ઈજા પામનાર હાલ આઉટ ઓફ ડેન્જર હોય અને તેઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપી દેવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, કહેવાતા બનાવમાં એકંદરે માથા પર તથા ચહેરા તથા અન્ય ભાગે ઈજા છે તેટલા માત્રથી બી.એન.એસ. ની કલમ – ૧૦૯ જુવા ગંભીર ગુન્હાનુ તહોમત પ્રથમ દર્શનીય રીતે માની શકાય નહી. પક્ષકારો વચ્ચેનુ વૈમનસ્ય, વાંધાઓ, તકરારો જેના કારણે સાચો કે ખોટો બનાવ ઘડી કાઢવાની વૃતિ, જે–તે સમયના પક્ષકારોના ઈરાદાઓ, સંજોગો, પરિસ્થિતી વિગેરે પરીબળોને ધ્યાનમાં લેતાં હાલના કામે બી.એન.એસ. ની કલમ – ૧૦૯ ના જરુરી તત્વો કે જેમાં માત્ર ''ઈરાદો'' સૌથી મહત્વનુ તત્વ છે તે જ પ્રથમ દર્શનીય રીતે સ્થાપીત થતુ ન હોય ત્યારે અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

૪.૧. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના મુળ ફરીયાદી તથા અન્ય ૨૨ આરોપીઓ વિરુધ્ધ જયરાજભાઇ ભાણાભાઇ આલાણી (વાળા) ધ્વારા અમરેલી તાલુકા પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૬૦૨૨૯/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ – ૧૦૯(૧), ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૧૭(૨), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૨૪(૪), ૫૫, ૧૨૬(૨), ૩૫૧(૩), ૨૮૧ તથા એમ. વી. એકટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબની ફરીયાદ હકીકત જાહેર કરેલ છે. જે ફરીયાદની હકીકત ધ્યાને લેતાં આ કામના ફરીયાદપક્ષના લોકોએ પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને જયરાજભાઇ તથા અન્ય લોકોને જીવલેણ ઈજા પહોંચાડેલ હોય જે

અનુસંધાને તેઓ વિરુધ્ધ અમરેલી તાલુકા પો. સ્ટે. માં ગુનો નોંધાયેલ હોય જેમાં બચાવ ઉભો કરવા સારુ હાલની ફરીયાદ કરેલ હોય જેમાં અરજદારને ખોટી રીતે સંડોવી દીધેલ હોય તેવી હકીકત પ્રાથમીક તબકકે જણાય આવે છે. વધુમાં અરજદાર અરજીમાં જણાવેલ સરનામે રહે છે અને સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે અને ખેતીકામ કરે છે. અરજદાર બાળ બચ્ચેદાર ઇસમ છે. અરજદારના પિતા હાલ વયોવૃધ્ધ છે અને તેમની તબીયત નાદુરસ્ત હોવાથી તેઓ બિમાર રહેતા હોય જેથી તેઓની સારસંભાળ લેવાની અરજદારની ફરજ છે અને તેવા સંજોગોમાં જો અરજદારની ધરપકડ કરવામાં આવે તો તેમના પરીવારજનોની પણ ખોટી રીતે પજવણી કરવામાં આવે તેવી સ્થિતીનુ નિર્માણ થાય તેવી વયાજબી દહેશત છે. અરજદાર કયાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર તપાસના કામે તપાસ કરનાર અધિકારીને સંપુર્ણ સહકાર આપશે. તેઓ ટ્રાયલ સમયે હાજર રહેશે અને અદાલત ફરમાવશે તે શરતોનુ પાલન કરશે. ફરીયાદપક્ષના સાહેદોને લાલચ, ધાકધમકી, પ્રલોભન આપશે નહી કે પુરાવા સાથે ચેડા કરશે નહી. જેથી નામ. કોર્ટને યોગ્ય લાગે તે શરતોએ અરજદાર/ આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. વધુમાં વિ.વ.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં નામ. ગુજરાત હાઇકોર્ટના નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

**(1) R/CRIMINAL MISC. APPLICATION (FOR ANTICIPATORY BAIL) NO.7154 of 2026, DHARMENDRASINH BALVANTSINH RANA Vs. ATATE OF GUJARAT**

**(2) R/CRIMINAL MISC. APPLICATION (FOR ANTICIPATORY BAIL) NO.2557 of 2025, MANOJ PRAHLADRAI CHAWLA Vs. STATE OF GUJARAT**

**(3) R/CRIMINAL MISC. APPLICATION (FOR ANTICIPATORY BAIL) NO.4296 of 2025, VASU DHARMENDRABHAI RABARI Vs. STATE OF GUJARAT**

**(4) R/CRIMINAL MISC. APPLICATION (FOR ANTICIPATORY BAIL) NO.7990 of 2025, SOLANKI ABHISHEK JITUBHAI @**

District & Sessions Court * Amreli * सत्यमेव जयते

**JITENDRABHAI & ORS. Vs. STATE OF GUJARAT**

**(5) R/CRIMINAL MISC. APPLICATION (FOR ANTICIPATORY BAIL) NO.4382 of 2025, JORUBHAI BIJALBHAI MAKWANA Vs. STATE OF GUJARAT & ANR.**

**૫.** સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.આર. ત્રિવેદીની રજુઆત છે કે, અરજદાર/આરોપીએ ગુન્હા સમયે ફરીયાદી તથા સાહેદને પ્રાણઘાતક હથિયાર વડે માર મારવામાં સક્રીય ભુમિકા ભજવેલ હોય અને ફરીયાદીને માર મારી જાનથી મારી નાંખવાનો પ્રયત્ન કરેલ છે તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને આગોતરા જામીન આપવામાં આવશે તો પોતાને મળેલ જામીનનો દુરઉપયોગ કરી ચગુન્હામાં ઉપયોગમાં લીધેલ હથિયાર મુદ્દામાલ રજુ કરશે નહી અને આ કામની તપાસ આગળ વધી શકશે નહી જેથી અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત નહી કરવા અરજ કરેલ છે. વધુમાં આ કામના ગુન્હો ખુબ જ ગંભીર પ્રકારનો છે જેની તપાસ હાલ ચાલુ છે અને તપાસના કામે જરુરી પુરાવાઓ મેળવવાના બાકીમાં છે તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવશે તો અરજદાર/આરોપી ફરીયાદી તથા સાહેદોને ફેરવી તોળવાનો પ્રયાસ કરશે અને આરોપી નાસી ભાગી જાય અને તપાસમાં વિક્ષેપ ઉભો કરશે તેમજ આરોપી માથાભારે અને જનુની સ્વભાવના હોય તેમજ હાલના સંજોગામેં આવ બનાવોનુ પ્રમાણ સતત વધવા પામેલ છે જેથી આવા બનતા બનાવને અટકાવવા માટે આવા ગુન્હાઓ આચરતા આરોપીઓ વિરુધ્ધ સખત નશીયત થવી જરુરી છે અને તોજ આવા ગુન્હાઓ અટકાવી ફરીયાદીને ભયમુકત વાતાવરણ પુરુ પાડી શકાય તેમ છે. જેથી ઉપરોકત હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત નહી કરવા દલીલ કરેલ છે.

**૬.** સદર અરજીના કામે મુળ ફરીયાદીએ **આંક–૭** થી સોગંદનામું રજુ કરી તેઓ આ કામના ફરીયાદી છે અને તેઓએ અમરેલી તાલુકા પો. સ્ટે.

Sessions Judge
Amreli.

ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૬૦૨૨૮/૨૦૨૬ થી હાલના અરજદાર/આરોપી તથા અન્ય સહઆરોપીઓ વિરુધ્ધ ફરીયાદ જાહેર કરેલ હતી. સરદહુ કામે તેમની ફરીયાદ મુજબ જે લોકોને ઈજા થયેલ હતી તે લોકો હાલ આઉટ ઓફ ડેન્જર હોય અને તેઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી મુકવામાં આવેલ છે જેથી હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓને વાંધો કે તકરાર નથી તેમ જણાવેલ છે.

**૭.** હાલની આ જામીન અરજીના કામે ઉભય પક્ષ તરફે થયેલ રજુઆત, મુળ ફરીયાદીનુ આંક-૭ થી રજુ સોગંદનામું, તપાસ કરનાર અમલદારશ્રીનુ આંક-૯ થી રજુ સોગંદનામું તથા તપાસના કાગળો ધ્યાને લેતાં, હાલના કેસમાં જે બનાવ બનેલ છે તેમાં સામસામે ફરીયાદ થયેલ છે. હાલના બનાવની ફરીયાદની વિગત જોવામાં આવે તો આ કામના ફરીયાદીના કાકાના દિકરા ગામમાંથી માટી ભરી પોતાના વાડી ખેતરોમાં નાખતા હોય તે ફરીયાદીના ગામના આરોપી નં.૧ વનરાજભાઈ ઓઘડભાઈ વાળા, આરોપી નં.૨ મહેશભાઈ ઉર્ફે મુન્નાભાઈ જગુભાઈ આલાણી (વાળા), આરોપી નં.૩ વિજયભાઈ ઘોહાભાઈ ડાંગર તથા આરોપી નં.૪ રાજુભાઈ પ્રતાપભાઈ વરણીયાનાઓને ગમતુ ન હોય જેથી આરોપીએ તેઓને ખારાના રસ્તે ટ્રેકટર ચલાવવાની ના પાડેલ હોય જેથી ફરીયાદીએ તેઓને આવુ નહી કરવા સમજાવતા આ કામના આરોપીઓને સારુ નહી લાગતા તમામ આરોપીઓ જેમાં હાલના અરજદાર/આરોપી પણ છે તેઓએ ફરીયાદીને તથા ફરીયાદીના પરીવારના માણસોને ગાળો આપી, ફરીયાદી તથા સાહેદોના વાહનો ઉપર લોખંડના પાઈપ વડે જાનથી મારી નાંખવાના ઈરાદે હુમલો કરી તથા ફરીયાદીના પ્લોટમાં કરેલ ફેન્સીંગના સીમેન્ટના થાંભલાઓ ટ્રેકટર વડે પાડી દઈ આર્થિક નુકસાન કરેલ તથા આરોપી નં.૭ જયરાજભાઈ ભાણભાઈ વાળાનાઓએ પોતાના હવાલાવાળુ ટ્રેકટર લઈ આવી પુરઝડપે તથા જોખમાઈ રીતે ચલાવી ફરીયાદી તથા સાહેદોને મારી નાંખવાના ઈરાદે સાહેદો ઉપર ટ્રેકટર ચડાવી દઈ સાહેદ વનરાજભાઈ કોઠીવાળ તથા સાહેદ હરદેવભાઈને

Sessions Judge
Amreli.

ટ્રેકટર નીચે કચળી નાંખી શરીરે મરણતોલ ઈજાઓ પહોંચાડેલ તેમજ આ કામના આરોપીઓ જેમાં હાલના અરજદાર/આરોપી પણ છે તેઓ ધ્વારા તેમનો સમાન ઈરાદો પાર પાડવા ગે.કા. મંડળી બનાવી ફરીયાદી તથા સાહેદો ઉપર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ગુન્હો આચરેલ હોવાના આક્ષેપો કરવામાં આવેલ છે. આમ ઉપરોકત ફરીયાદ હકીકતે જોઈએ હાલના અરજદાર/આરોપીનુ નામ એફ.આઈ.આર. માં આરોપી નં.૧૧ તરીકે દર્શાવેલ હોવાનુ જણાય આવે છે. પરંતુ સદર અરજીના કામે મુળ ફરીયાદીએ આંક–૭ થી રજુ કરેલ સોગંદનામું જોવામાં આવે તો તેમાં ફરીયાદીએ આ કામના ઈજા પામનાર હાલ આઉટ ઓફ ડેન્જર હોય અને તેઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી મુકવામાં આવેલ છે જેથી હાલના અરજદાર/ આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓને વાંધો કે તકરાર નહી હોવાનુ જણાવેલ હોય અને તે રીતે ઈજા પામનાર હાલ સારવાર હેઠળ નથી તેમજ અરજદાર/આરોપીનો અગાઉનો કોઈ ગુનાહીત ઈતિહાસ હોય તેવી ફરીયાદપક્ષની કોઈ રજુઆત ન હોય તેમજ અરજદાર/આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ અરજદાને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ તપાસના કામે ત.ક.અ.શ્રીને સંપુર્ણ સાથ સહકાર આપશે અને નામ. અદાલત જે કાંઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવા બાંહેધરી આપતા હોય તેમજ અરજદાર/આરોપી નાના માચીયાળા, તા.જી.અમરેલી મુકામેના રહેવાસી હોય ભવિષ્યમાં કેસની ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેશે તેવી શકયતા જણાતી હોય ઉપરોકત તમામ હકીકત નજરે આક્ષેપીત ગુન્હાની ગંભીરતા તથા સંભવિત થઈ શકનાર સજાની જોગવાઈ લક્ષમાં લેતાં તેમજ નામ. સર્વોચ્ચ અદાલતે **A.C.R. 2011 (1) P.NO. 204 Siddharam Satlingppa Mehetre Vs. State of Maharashtra** ના ચુકાદામાં આગોતરા જામીન બાબતે આપેલ સિધ્ધાંતોને ધ્યાને લેતાં અને સાથે સાથે બી.એન. એસ.એસ. ની કલમ - ૪૮૨ અન્વયે અત્રેની અદાલતને મળેલ વિવેક બુધ્ધિની સતનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને કડક શરતોને આધીન

District & Sessions Court * Amreli * सत्यमेव जयते

Sessions Judge
Amreli.

યોગ્ય રકમના આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તે યોગ્ય અને ન્યાયના હિતમાં રહેશે તેમ મારુ નમ્રપણે માનવુ છે. આથી અરજદાર/ આરોપીની આગોતરા જામીનની અરજી મંજુર થવાને પાત્ર છે તેમ માનીને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) અરજદાર/આરોપી **વલકુભાઇ ચાપરાજભાઇ આલાણી (વાળા)** નાઓની **અમરેલી રૂરલ પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૬૦૨૨૮ /૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૦૯(૧), ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૧૭(૨), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૨૪(૪), ૫૫, ૨૯૬(બી), ૩૫૧(૩), ૨૮૧ તથા એમ. વી. એકટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુના સબબ **બી.એન. એસ.એસ. ની કલમ – ૪૮૨** અન્વયેની આગોતરા જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે અને જો આરોપીની આ ગુનાના કામે તપાસ કરનાર અમલદાર અથવા તો અન્ય પોલીસ ઓફીસર દ્વારા ધરપકડ કરવામાં આવે અને જો આરોપી રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો કરી આપેથી નીચેની શરતોએ તેમને જામીન મુકત કરવા તેવો આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો.**

૧. અરજદાર/આરોપીએ સદર કામના તપાસ કરનાર અમલદારશ્રી તપાસના કામે જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં તપાસના કામે હાજર રહેવુ અને તપાસમાં પુરતો સાથ સહકાર આપવાનો રહેશે.

૨. અરજદાર/આરોપીએ સુલેહશાંતિનો ભંગ થાય તેવી કોઇ પણ પ્રવૃતિ કરવી નહી.

૩. અરજદાર/આરોપી તા.૦૫/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૨:૦૦ વાગ્યા સુધી સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજર રહેશે.

Sessions Judge
Amreli.

૪. અરજદાર/આરોપી કેસની હકીકતથી પરીચીત કોઇ પણ વ્યકિતને સીધી કે આડકતરી રીતે કોઇ લાલચ, ધમકી કે વચન આપશે નહી જેથી તે કોર્ટ અથવા કોઇ પણ પોલીસ અધિકારીને આવી હકીકતો જાહેર કરવાથી રોકી શકે.

૫. અરજદાર/આરોપી પોલીસ તપાસમાં અવરોધ નહી લાવે અને પોલીસ ધ્વારા એકત્રીત કરવામાં આવેલા અથવા હજુ સુધી એકત્રીત કરવાના બાકી રહેલ પુરાવાઓ સાથે છેતરપીંડી નહી કરે.

૬. અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના કાયમી રહેણાંકનુ સરનામું તપાસ કરનાર અમલદારશ્રીને અને સંબંધીત કોર્ટને આપવુ અને કેસના અંતિમ નિકાલ સુધી આગળના આદેશો સુધી તેમનુ રહેઠાણ બદલશે નહી.

૭. અરજદાર/આરોપીએ સેશન્સ કોર્ટની પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહી અને જો પાસપોર્ટ હોય તો એક અઠવાડીયાની અંદર સંબંધીત કોર્ટમાં જમા કરાવવો.

District & Sessions Court
सत्यमेव जयते
* Amreli *

(૨) અરજદાર/આરોપીએ જામીન સંબંધીત પોલીસ સ્ટેશન સમક્ષ આપવાના રહેશે.

(૩) આ હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશન અને કોર્ટને કરવી.

હુકમ આજરોજ તારીખ **૦૨ જી** માહે **જુલાઇ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ :– ૦૨–૦૭–૨૦૨૬
અમરેલી.

**(રીઝવાના બુખારી)**
**સેશન્સ જજ,**
**અમરેલી.**
Judge Code GJ00916

Sessions Judge
Amreli.